## જન્મદિને વધામણી



મુકેશ ભગત
મો. ૯૪૨૮૪ ૧૫૪૨૫



રેખાબેન આચાર્ય
લાયોનેસ ક્લબ



ફેનિલ સમીર રામી
મો. ૯૯૨૪૪ ૪૬૬૪૫



પંચમ કુંતલ નિમાવત
મો. ૯૮૨૪૯ ૧૦૧૪૫

# સરસ્વતી વિદ્યાલયમાં યોજાયો વાર્ષિક રમતોત્સવ







સ્વામી વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત સરસ્વતી વિદ્યાલય, સેક્ટર-૬ ખાતે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. બાલમંદિરથી માંડીને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક જુદી-જુદી રમતોમાં ભાગ લઈને વાતાવરણને ઉત્સાહથી ભરી દીધું હતું. જુનિયર કેજી વિભાગમાં ફુગ્ગા દોડમાં અનુક્રમે આર્ય ઠાકોર, ભૂમિ રાઠોડ, ચોકલેટ શોધમાં જયવીરસિંહ રાઠોડ, સાનિયા રાઠોડ, વસ્તુની હેરાફેરીમાં ધૃવિષા સોલંકી, ભવ્યા પંચાલ, સિનિયર કેજી વિભાગમાં લંગડીની સ્પર્ધામાં ઉત્સવ યોગી, રાજેશ્વરી પરમાર, સંગીત ખુરશીમાં નિહાલ પઠાણ, અલ્કેશ કોરી, વાડકી રેસમાં વિશ્વરાજ ગોળ અને હર્ષરાજ ચાવડા, ધોરણ-૧ અને ૨ના વિભાગમાં દોડમાં છોકરાઓમાં મોક્ષ, છોકરીઓમાં દિયા દવે, લંકડીમાં છોકરાઓમાં તનવીર અને છોકરીઓમાં મેઘલ, કુદકામાં છોકરાઓમાં મયંક, છોકરીઓમાં તનિશ, લીંબુ ચમચીમાં છોકરાઓમાં દક્ષરાજ, છોકરીઓમાં સિદ્ધિ, સંગીત ડીશ સ્પર્ધામાં છોકરાઓમાં કર્તવ્ય, છોકરીઓમાં દૃષ્ટિ, વસ્તુની હેરાફેરી સ્પર્ધામાં છોકરાઓમાં પૃથ્વી, છોકરીઓમાં દિયા યોગી, ધોરણ-૩ અને ૪ના વિભાગમાં અનુક્રમે છોકરા અને છોકરીઓના વિભાગમાં દોડની સ્પર્ધામાં અંકિત અને શ્રેયા, લંગડીમાં મિલન અને સાંચી, લંગડીમાં અનોક્ષ અને શ્રેયા, સંગીત ખુરશીમાં મોહિત અને શ્રદ્ધા તથા બિસ્કીટ ખાઉંમાં યુવરાજ અને દેવાંશી વિજેતા બન્યાં હતાં. ધોરણ-૫, ૬, ૭ના વિભાગમાં અનુક્રમે છોકરાઓ અને છોકરીઓની સ્પર્ધામાં લોક ફૂંકણીમાં રાજેશ અને મોનલ, ત્રિપગી દોડમાં અનિરુદ્ધ અને ઉદય રાજ તથા યશ્વી અને પ્રિયા, બેલેન્સ દોડમાં ધૃવ, તુષાર અને યશ્વી, પ્રિયા, દોડમાં મેહુલ અને દેવ્યાંશી, સ્લો સાઈકલમાં રીતેશ તથા માટલાં ફોડમાં છોકરાઓની ટીમ પ્રથમ ક્રમે વિજેતા બની હતી.

ધોરણ-૮થી ૧૨ના વિભાગમાં મૅમરી ગેમમાં છોકરીઓની સ્પર્ધામાં જીનલ રબારી, જીરલ રાઠોડ, છોકરાઓની સ્પર્ધામાં સર્વોત્તમ બારોટ, જિનેન્દ્ર સોલંકી, સ્લો સાઈકલીંગની છોકરાઓની સ્પર્ધામાં પરેશ માંદાની અને મયુર ચાવડા, ચોકલેટ શોધમાં જૈમિન પંડ્યા અને જૈમીન પરમાર, ચોકલેટ શોધની છોકરીઓની સ્પર્ધામાં હેલી પ્રજાપતિ અને ફકીર આફિયા, ત્રિપગી દોડમાં છોકરાઓના વિભાગમાં શાની ઠાકોર અને મહેશઠાકોર, છોકરીઓના વિભાગમાં અનીતા ઠાકોર અને મયુરી રાવલ તથા ૧૦૦ મીટર દોડમાં કૈલાશ અહેરવાલ અને આસીફ મનસુરી, ૫૦ મીટર દોડમાં મેઘા નાયક, આરતી મારુ, લીંબુ ચમચીમાં સંજના દવે, હેતલ ગોસ્વામી, માટલાં ફોડમાં રવિરાજસિંહ વિહોલ અને મયુર સોલંકી, દોરડા કૂદમાં નિશા રાવલ, નિશા અસારી અને સંગીત ખુરશીમાં મનીષા ઠાકોર તથા સંજના ચૌહાણ અનુક્રમે વિજેતા બન્યાં હતાં.

## ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કૉલેજનું ગૌરવ વધારતો વિદ્યાર્થી રાજવીરસિંહ

ગાંધીનગર, તા. ૨

તા. ૩૧, ડિસેમ્બર ૨૦૧૭ના રોજ ઈસ્કુ ઈન્ટરનેશનલ કરાટે કપ - ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું. એરપોર્ટ કોમ્યુનીટી હોલ, અમદાવાદ ખાતે યોજાયેલ આ કરાટે સ્પર્ધામાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ સંસ્થાના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી રાજવીરસિંહ રાઠોડે ચાર ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા છે.

આ ઉપરાંત સિનિયર મેન્સ ઓપન કરાટે કપ પણ પ્રાપ્ત કરેલ છે. આજ સંસ્થાની ધોરણ-૧૧ માં અભ્યાસ કરતી કુ. રીયા પટેલે પણ બ્રોન્ઝ મેડલ મેળવી શાળાને ગૌરવ અપાવ્યું છે.

શાળાના આચાર્યશ્રી પ્રદીપ ગગલાણી તથા શિક્ષકોએ બંને વિદ્યાર્થીઓને અભિનંદન આપવા અભિવાદન કાર્યક્રમ યોજ્યો હતો. શાળા પરિવાર વતી બંને વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

### ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત

## સ્વચ્છ ગાંધીનગર, સ્વસ્થ ગાંધીનગર સ્પર્ધામાં જયપ્રકાશ વિદ્યાલયને દ્વિતિય ક્રમનું ઈનામ



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ ગાંધીનગર, સ્વસ્થ ગાંધીનગર હરિફાઈ તાજેતરમાં યોજાઈ હતી, જેમાં શ્રી જયપ્રકાશ વિદ્યાલય, સૅક્ટર-૨૬ના વિદ્યાર્થીઓએ ભાગ લઈ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

વર્ષના અંતિમ દિવસે સ્વર્ણિમ પાર્ક ખાતે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરના હસ્તે શાળાના આચાર્ય રાકેશભાઈ ઉપાધ્યાયને ઍવોર્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. શાળાના શિક્ષક અજિતસિંહ સોલંકી અને શંકરસિંહ વિહોલે આ પ્રસંગે યશભાગી થઈને શાળાનું ગૌરવ વધાર્યું હતું. સંચાલક દક્ષાબેન સુથારે સમગ્ર ટીમને શાળા પરિવાર વતી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે યોગ શિબિરનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે વર્ષના અંતિમ દિવસોમાં યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આર્ટ ઑફ લિવિંગનાં અધ્યાપક કુસુમબેન જોષીએ વિદ્યાર્થીઓને યોગ વિશે વિશદ માહિતી આપી હતી. તેમણે શાળામાં માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી માર્ગદર્શન સાથે પ્રાણાયામ-ધ્યાન અને યોગ કરાવી જીવન જીવવા અંગેની કળાની માહિતી આપી હતી. બાળકોના સર્વાંગી વિકાસમાં જરૂરી બાબતો વિશે પણ તેમણે આ પ્રસંગે જાણકારી આપી હતી. વિદ્યાર્થીઓનું શારીરિક સ્વાસ્થ્ય સારું રહે અને તેઓ પોતાની મનપસંદ કારકિર્દી ઘડી શકે એ માટે તેમણે વિદ્યાર્થીઓને શુભકામનાઓ પણ પાઠવી હતી.

વિદ્યાલયના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા અને મેનેજિંગ ટ્રસ્ટી શોભનાબા વાઘેલાના સાથ, સહકારથી આ કાર્યક્રમ સફળતાથી પૂર્ણ થયો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહથી આ 'નવચેતના' શિબિરમાં ભાગ લીધો હતો.

## ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ દ્વારા ખુશિયોં કા ડોનેશન

ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત ઍસ કે પટેલ ઍમબીએ ઈન્સ્ટીટ્યુટ દ્વારા ખુશિયોં કા ડોનેશન કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર શહેરના જરૂરિયાતમંદ લોકોને કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા જૂનાં કપડાં એકત્રિત કરવામાં આવ્યાં હતાં. યુવા અગ્રણી નિસર્ગ બુચ, મનિષ માલવિયા તથા કલ્પેશની આગેવાનીમાં કૉલેજના વિદ્યાર્થીઓએ શહેરના સૅક્ટર-૬, સૅક્ટર-૨૩, ચરેડીના ઝૂંપડવાસમાં રહેતા જરૂરિયાતમંદ વ્યક્તિઓને આ કપડાંનું વિતરણ કર્યું હતું.

આ સેવાકીય કાર્યમાં ઍસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટના ડિરેક્ટર ડૉ. ભાવિન પંડ્યા અને અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા દ્વારા મહત્ત્વનું યોગદાન આપવામાં આવ્યું હતું.

## ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) આઈસીસીની નવી ટેસ્ટ રેન્કિંગમાં વિરાટ કોહલીને કયો ક્રમ આપવામાં આવ્યો છે ?
(એ) બીજો
(બી) ત્રીજો
(સી) ચોથો
(ડી) પાંચમો

(૨) કયા ભારતીય ગોલ્ફરે પતાયામાં રૉયલ કપ ટ્રૉફી જીતી લીધી છે ?
(એ) જીવ મિલ્ખા સિંહ (બી) અર્જુન રંધાવા
(સી) અર્જૂન અટવાલ (ડી) શિવ કપૂર

(૩) કઈ ઈમારતે સૌથી મોટો લેસર શો કરી ગિનીઝ બૂક ઑફ વર્લ્ડ રૅકર્ડ્સમાં નામ નોંધાવ્યું છે ?
(એ) ટ્વીન ટાવર (બી) બુર્જ ખલીફા
(સી) તાઈપે-૧૦૧ (ડી) સ્કાય ટાવર

(૪) વિનીત ચૌધરી કયા રાજ્યના મુખ્ય સચિવ પદે નિયુક્ત થયા છે ?
(એ) ગુજરાત (બી) બિહાર
(સી) હિમાચલ પ્રદેશ (ડી) કેરલ

(૫) ભારતીય મૂળનાં કયા વૈજ્ઞાનિક મહિલાને 'ડેમ હૂડ' સન્માનથી સન્માનવામાં આવ્યાં છે ?
(એ) પ્રતિભા ગઈ (બી) પૂર્ણિમા સિંહ
(સી) પ્રસિની સિંહા (ડી) ગીતા રાય

(૬) સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટીફિકેશને ફિલ્મ પદ્માવતીનું નામ કયું રાખવા ભલામણ કરી છે ?
(એ) ભાગવતી (બી) અલાઉદીન ખિલજી
(સી) પદમાવત (ડી) રાજા રાવલસિંહ

(૭) ૨૦૧૮માં રણજી ટ્રૉફી ચૅમ્પિયન કઈ ટીમ બની છે ?
(એ) દિલ્હી (બી) વિદર્ભ
(સી) કેરલ (ડી) મુંબઈ

(૮) કયા રાજ્યની સરકારે એમ માલકોંડપ્પાને ડીજીપી પદે નિયુક્ત કર્યા છે ?
(એ) કેરલ (બી) તામિલનાડુ
(સી) આંધ્રપ્રદેશ (ડી) ઓડિશા

(૯) તાજેતરમાં વિશ્વનાથ આનંદે વિશ્વ બ્લિટ્ઝ શતરંજ ચેમ્પિયનશીપમાં કયો મેડલ પ્રાપ્ત કર્યો છે ?
(એ) બ્રૉન્ઝ (બી) સિલ્વર
(સી) ગોલ્ડ (ડી) એકપણ નહીં

(૧૦) તાજેતરમાં કયા રાજ્યની સરકારે રાજ્યના શાકભાજી ઉત્પાદકોના ભાવોની ભરપાઈ માટે યોજનાની શરૂઆત કરી છે ?
(એ) હિમાચલ પ્રદેશ (બી) ગુજરાત
(સી) બિહાર (ડી) હરિયાણા

## ગમતાંનો ગુલાલ કરવા માટે અણગમતા શ્યામ રંગને ભૂંસવો જ પડે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

(ગતાંક થી ચાલુ)

ઘણીવાર અણગમતા સંબંધી પહેલી નજરે કે પહેલી મુલાકાતે જ અણગમતા બની જતાં હોય છે તો કેટલાક ગમતા સંબંધીઓ ક્યારેક અચાનક અણગમતા બની જાય છે. આમ થવાના કારણો વ્યક્તિને ક્યારેક મળે છે ક્યારેક ખોળવા જઈએ તો પણ નથી મળતાં.

આમ સંબંધીની આદતોને કારણે વ્યક્તિને સૂગ પેદા થાય, સંબંધીઓના ચહેરાઓ અણગમતા હોય, અથવા તો તેઓનું આપણી સાથેનું વર્તન, તેઓનો આપણી સાથેનો વ્યવહાર, તેઓનો સ્વભાવ અને તેઓના અભિગમ હોય છે એવા કે એ પ્રકારના ઘણાબધા કારણોસર વ્યક્તિ પોતાને અણગમતા સંબંધીઓ સાથેના સંબંધોને સતત ખેંચતી રહે છે, સતત તેનો ભાર વેંઢારતી રહે છે.

એ સંબંધીઓને મળવાનો તેને કોઈ જ ઉમળકો નથી હોતો છતાં મળવું પડે છે, એ સંબંધીના ઘેર ક્યારેય મહેમાન બનવાની ઈચ્છા નથી થતી છતાં મહેમાન બનવું પડે છે, એ સંબંધીને ક્યારેય પોતાને ઘેર નિમંત્રણ આપવાની ઈચ્છા નથી હોતી છતાં ના છૂટકે નિમંત્રણ આપવું પડે છે, એ સંબંધીઓ સાથે કોઈ જ પ્રકારના વ્યવહારો રાખવાનું મન નથી થતું છતાં ક-મને વ્યવહારો નિભાવવા પડે છે. એ સંબંધીઓ સાથેના સંબંધો થકી વ્યક્તિને કોઈ જ પ્રકારના આનંદની લાગણી નથી થતી, ક્યારેક તો ચીડ ચડે છે, છતાં ચહેરા ઉપર મહોરા પહેરીને આનંદ વ્યક્ત કરવો પડે છે.

અણગમતા સંબંધોને મન વિના સતત વેંઢારતા રહેવાથી વ્યક્તિના સમય અને શક્તિનો વ્યય થાય છે અને ક્યારેક નાણાકીય ભાર પણ વેઠવો પડે છે. અણગમતા સંબંધીઓને નિભાવવા જતાં ગમતા સંબંધો ઉપર કાયરેક પૂરતું ધ્યાન નથી આપી શકતા તેને કારણે ગમતા સંબંધો ઉપર વિપરીત અસરો પણ થાય છે.

જો અણગમતાને ગમતા કરી શકાય એમ ના જ હોય તો પછી અણગમતા સંબંધીઓ સાથે ક્યાં સુધી સંબંધો નિભાવતા રહેવું? ક્યાં સુધી હાથ જોડી ને બેસી રહેવું? ક્યાં સુધી અવઢવમાં રહેવું? ક્યાં સુધી અણગમતા સંબંધોની વચ્ચે પીસાતા રહેવું?

દરેક વ્યક્તિને કોઈ ને કોઈ સંબંધીઓ અણગમતા હોય જ છે. વ્યકિત પોતાના સંબંધો અને સંબંધીઓનું વિશ્લેષણ કરે, આત્મ નિરીક્ષણ કરે મનના ઊંડાણમાં ધરબાયેલી લાગણીઓ ખોળી કાઢે અને અણગમતા સંબંધીઓ સાથેના સંબંધોને વહેલી તકે અંત લાવે એ જ વ્યક્તિના પોતાના અને સામાજિક હિતમાં છે.

અણગમતા સંબંધીઓ સાથેના સંબંધોનો અંત લાવવાનો અર્થ એવો નથી કે એ લોકો સાથે સંબંધ બગાડવો, ઝઘડો કરવો, એ લોકોના મનમાં આપણાં માટે નફરત પેદા કરવી અને કાયમ માટે એ લોકોના દિલમાંથી નીકળી જવું. અણગમતા સાથે સંબંધોનો અંત, સમજી વિચારીને, મળવાનું ઓછું કરીને, વ્યવહારો ઓછા કરીને, ધીરે ધીરે એ લોકોથી આપણે દૂર થઈ શકીએ. આ લાંબા સમયની પ્રક્રિયા છે જેમાં ધીરજ અને કુનેહથી કામ લેવું પડે.

અણગમતા સંબંધીઓ સાથેના સંબંધોનો જ્યાં સુધી અંત ના લાવી શકીએ, જ્યાં સુધી એ લોકો સાથે આપણો પનારો પડ્યો છે, જ્યાં સુધી એ લોકો સાથે આપણાં 'દાના પાની લીખા હૈ' ત્યાં સુધી એ લોકો સાથે વ્યવહારો રાખવા પડે છે. જ્યારે એ લોકો મળે ત્યારે 'કેમ છો', 'હાઈ-હેલ્લો' પૂરતી જ વાતચિત મર્યાદિત રાખીએ. તેઓથી બને એટલા દૂર રહીએ, અને આપણી જાતને એ લોકો થી અળગી રાખવા પ્રયત્ન કરીએ. એ લોકો સાથે આપણે વ્યવહાર અને વર્તન એવી રીતે કરીએ કે આપણાં હૃદયમાં રહેલો એ લોકો પ્રત્યેનો અણગમો આપણાં ચહેરા ઉપર કે આપણી વાણી-વર્તનમાં દેખાય નહીં.

અણગમતા સંબંધીઓને કાયમ માટે દૂર કરીને ગમતા સંબંધીઓ માટે હૃદયમાં વધારે સ્થાન બનાવીએ તો સંબંધોનો વધારે આનંદ લઈ શકીએ. આમ કરવાથી સંબંધોને નવું બળ મળશે, નવી ચેતના મળશે. વ્યક્તિએ આવું કરવા માટે હિમ્મત એકઠી કરવી પડશે, સમાજમાં થોડું કડવું પણ થવું પડશે પણ ગમતાં સંબંધોનો ગુલાલ કરવા માટે અણગમતા સંબંધોના શ્યામ રંગને ભૂંસવો જ પડશે.

વ્યક્તિ જો પોતાના અણગમતા સંબંધીઓને ગમતા કરી શકે તો એનાથી વધારે ઉત્તમ બીજું કઈ જ નથી. આમ કરવા માટે આપણાં મનમાં એક ગાંઠ વાળવી પડે કે એ લોકોને આપણે બદલી શકીએ એમ નથી એટલે આપણાં ગમા-અણગમામાં થોડું પરીવર્તન લાવીને અણગમતા સંબંધીઓને આપણે સ્વીકારવાનો પ્રયત્ન કરીએ. શક્ય છે આમ કરવાથી લાંબા સમયે એ લોકો પણ આપણને ગમવા લાગે. આમ અણગમતાં સંબંધોને પણ ગમતા કરીને ગમતાનો ગુલાલ કરી શકીએ. (ક્રમશઃ)

